પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# :: જાહેરનામું ::

## :: ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં ૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::

**ક્રમાંક : એસ.બી./ જાહેરનામું /કર્મચારી-મજુરો-કારીગરો-નોકરોની માહિતી /૧૭૫/૨૦૨૩**

સુરત શહેરમાં ભુતકાળમાં બનેલ લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં, કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગમાં, હિરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં તથા પ્રાઈવેટ સેકટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી, કારીગરો, મજુરો વગેરે માલિકોનો વિશ્વાસ કેળવી તેઓ માલિકોની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલકત સબંધિત તેમજ શરીર સબંધિત ગુનાઓ આચર્યા બાદ ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણ શોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણાં કિસ્સામાં આવા પરપ્રાંતિઓ તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી સુરત શહેરમાં આશરો લેતા હોય છે. તેવી હકીકત જણાઈ આવેલ છે. જેના લીધે આવા ઈસમો શહેરની સલામતી અને શાંતી જોખમાય તેવા કૃત્ય કરતા હોય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ.

### :: હુ ક મ ::

વાસ્તે, હું અજયકુમાર તોમર (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓ, કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકાળાયેલ તમામ પ્રાઇવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઇવર, રસોઇયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો જે **હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર** કાયમી, હંગામી રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/ કારીગરો/ મજુરો/ નોકરોની માહિતી/ હકિકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઇટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઇડ એપ્લિકેશન મારફતે ફરજીયાત પણે ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે.તથા પોતાની પાસે પણ રાખવાની રહેશે

**ઉપરોકત મુદ્દા ની સાથે સાથે નીચે દર્શાવેલ કોલમ મુજબની માહીતિ પણ પોતાની પાસે રાખવાની રહેશે. અને જયારે પોલીસ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ઉપરોક્ત માહિતી પુરી પાડવાની રહેશે.**

| અ.ન | વિગત | |
|---|---|---|
| ૧. | મકાન/બંગલા, કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/દલાલ/મેનેજમેન્ટ/સ્ટાફનું નામ તથા સરનામું ટેલીફોન નંબર | ૧. |
| ૨ | કામે રાખેલ નોકરો /મજુરો /કારીગરો /વોચમેનો /માળીઓ /ડ્રાઇવરો / રસોઇયાઓનુ પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનુ પુરૂ સરનામું, સ્થાનિક પો.સ્ટે.નું નામ ટેલીફોન નંબર | ૨ |
| ૩ | કામે રાખેલ નોકરો/ મજુરો/ કારીગરો/ વોચમેનો/ માળીઓ/ ડ્રાઇવરો/ રસોઇયાઓના મુળ વતનનુ પુરૂ સરનામુ, સ્થાનિક પો.સ્ટે.નું નામ, ટેલીફોન નંબર સાથે | ૩ |
| ૪ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયાઓને રાખ્યાની તારીખ | ૪ |
| ૫ | કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે, તેનુ નામ/ સરનામું/ ટેલીફોન નંબર | ૫ |
| ૬ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયાનાઓના બે થી ત્રણ સગા સબંધિના નામ સરનામા.(સ્થાનિક તેમજ વતનના) | ૬ |
| ૭ | નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઇવરો/રસોઇયાઓનો ફોટો | ૭ |

## :: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા.૩૦/૦૯/૨૦૨૩ ના ક.૦૦-૦૦ થી તા.૨૮/૧૧/૨૦૨૩ ના ક.૨૪-૦૦** સુધી અમલમાં રહેશે.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## :: જાહેર વિજ્ઞપ્તિ ::

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૨૭/૦૯/૨૦૨૩ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,
(૧) સયુંક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક સુરત શહેર.
(૨) અધિક પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧,૨ તથા ક્રાઇમ સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) ) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર(તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી

**સવિનય નકલ રવાના** :-
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય
(૧૦) નિયામકશ્રી ,માહિતી ખાતુ,ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, (નાનપુરા બહુમાળી,સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, સેવાસદન-૨, અઠવાલાઇન્સ,
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત. **(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)**